| | |
|---|---|
| રજુ તારીખ | ૨૪–૧૧–૨૦૦૯ |
| દાખલ તારીખ | ૨૪–૧૧–૨૦૦૯ |
| ફેંસલ તારીખ | ૧૪–૦૯–૨૦૨૪ |
| સમયગાળો | વર્ષ : ૧૪ માસ:૦૯ દિન: ૨૧ |

**શ્રી કે. એન. સરવૈયા, પ્રમુખ અધિકારી, મજૂર અદાલત, અમદાવાદ.**

રેફરન્સ (એલ.સી.એ.) નં. ૧૪૬૭/૨૦૦૯

આંક–૨૫

**પ્રથમ પક્ષકાર :–** **મેનેજર શ્રી**
એગ્યુસ્ટીલ મેન્યુ. પ્રા.લી.
આમ્રપાલી સિનેમા પાસે,
અંબિકા ઓઈલ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર દરવાજા બહાર, અમદાવાદ.

વિરુધ્ધ

**બીજા પક્ષકાર :–** **શ્રી દિનેશભાઈ મોહનલાલ પરમાર**
રખિયાલ રોડ, અમદાવાદ
સી/ઓ. ગુજરાત લેબર ફોર્સ યુનિયન
૬૭, મંગલ પ્રભાત સોસાયટી, સરસપુર, અમદાવાદ ૩૮૦૦૧૮

**વિષય** : ઔધોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ની કલમ ૧૦(૧)સી હેઠળ ન્યાયનિર્ણય બાબત.

હાજર રહયા :
પ્રથમ પક્ષકાર તરફે : વિ.વ. શ્રી બી.એમ.જોષી
બીજા પક્ષકાર તરફે : વિ. પ્ર. શ્રી પી.એમ.સોલંકી

**–:: એ વો ર્ડ ::–**

(૧) હાલના રેફરન્સના કામે આ એવોર્ડમાં સગવડતા અને સરળતા ખાતર પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકારને અનુક્રમે "**સામાવાળા**" અને "**અરજદાર**" તરીકે સંબોધવામાં આવેલા છે.

(૨) આ કામના અરજદારને સામાવાળાએ નોકરીમાંથી છુટા કરી દેતા તેઓએ મદદનીશ શ્રમ આયુકતશ્રી અમદાવાદ સમક્ષ વિવાદ ઉત્પન્ન કરેલ અને તે કાર્યવાહીમાં સમાધાન નહીં થતાં સદરહુ વિવાદમાં મદદનીશ શ્રમ આયુકત, અમદાવાદ દવારા સદર રેફરન્સ ન્યાયનિર્ણય સારુ મજૂર અદાલત, અમદાવાદ ને જરૂરી કાર્યવાહી સારૂ મોકલાવેલ છે.

(૩) ઉપરોકત વિગતે અત્રેની કોર્ટમાં આ ઔધોગીક વિવાદ ન્યાય નિર્ણય અર્થે સુપ્રત થતાં રેફરન્સ કેસ તરીકે દાખલ થયેલ અને બંને પક્ષકારો વચ્ચે સમાધાનની શરતો આંક – ૨૪ ને આધારે રૂ.૫૦,૦૦૦/– માં કુલ એન્ડ ફાઈનલ સમાધાનથી સામાવાળા સંસ્થાએ અરજદાર કામદારના વારસદારોને ચુકવી આપી સમાધાન થવા પામેલ છે. આમ હાલના કેસમાં

પક્ષકારો વચ્ચે આંક–૨૪ થી રજુ થયેલ સમાધાન મુજબ હાલના કેસમાં લોક–અદાલતમાં તે બાબતે હુકમ કરી કામ ફેંસલ કરવામાં આવે છે. ખર્ચ અંગે હુકમ નથી.

(૪) લેબર કોર્ટ, અમદાવાદની રજીસ્ટ્રી ધ્વારા લેબર કોર્ટ (પધ્ધતિ અને કાર્યપધ્ધતિ) નિયમો ૧૯૪૭ અન્વયેના પ્રકરણ ૮ ના નિયમ ૩૨ ની જોગવાઈ મુજબ સંબંધીત પક્ષકારને હાલના એવોર્ડની પ્રસિધ્ધ થયા બાદ તેની નકલ આપવા અંગે નિયમ અનુસારની કાર્યવાહી કરવી.

તારીખ : ૧૪–૦૯–૨૦૨૪.
સ્થળ : અમદાવાદ.

**(કુત્બુદ્દીન નુરમોહંમદ સરવૈયા)**
Code:GJ 00966
પ્રમુખ અધિકારી,
મજૂર અદાલત નં.૨, અમદાવાદ.